### સંતરામપુર પોલીસે પીછો કરતાં મોટીસરસણ રોડ પર સીએનજી પંપ પાસે કાર મૂકી ચાલક અને સાથીદાર ફરાર

# સંતરામપુરમાં પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી 250 કિલોગ્રામ ગાંજો ઝડપી પાડ્યો

**કારમાંથી નકલી** નંબર પ્લેટોનો જથ્થો પણ મળી આવ્યો



(પ્રતિનિધિ) સંતરામપુર તા.12

સંતરામપુર પોલીસ હદના સરસણ આઉટપોસ્ટ વિસ્તારમાં ગત રાત્રે પોલીસે બાતમીના આધારે એક શંકાસ્પદ કારનો પીછો કરીને તેમાંથી અંદાજે 250 કિલો નશીલો પદાર્થ ગાંજો જપ્ત કર્યો છે. પોલીસની સક્રિયતા જોઈ કારચાલક અને તેનો સાથીદાર અંધારાનો લાભ લઈ ગાડી મૂકીને ફરાર થઈ ગયા હતા.

સંતરામપુર પોલીસને ગત રાત્રે આશરે 10 વાગ્યાના અરસામાં બાતમી મળી હતી કે એક કારમાં માદક પદાર્થની હેરાફેરી થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસે સરસણ આઉટપોસ્ટ હદમાં વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કાર દેખાતા તેનો પીછો શરૂ કર્યો હતો. પોલીસથી બચવા માટે કારચાલકે પોતાની ગાડી પૂરઝડપે ભગાવી હતી, પરંતુ અંતે મોટીસરસણ રોડ પાસે આવેલા સી.એન.જી. પંપ નજીક કાર મૂકીને કારચાલક અને તેની સાથેનો અન્ય એક ઈસમ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

સંતરામપુર પોલીસે બિનવારસી હાલતમાં મળેલી આ કારની સઘન તલાશી લેતા તેમાંથી નશીલો પદાર્થ ગાંજો ભરેલા કુલ 13 થેલા મળી આવ્યા હતા. પ્રાથમિક અંદાજ મુજબ આ જથ્થો આશરે 250 કિલો જેટલો હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસને કારમાંથી માત્ર નશીલો પદાર્થ જ નહીં, પરંતુ વિવિધ નંબર લખેલી સાતથી નવ જેટલી નકલી નંબર પ્લેટો પણ મળી આવી છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે આ અસામાજિક પ્રવૃત્તિઓ આચરનારા ઈસમો પોલીસને ગુમરાહ કરવા માટે કાર પર બોગસ નંબર પ્લેટો લગાડીને હેરાફેરી કરતા હતા. હાલમાં પોલીસે મુદ્દામાલ કબજે કરી ફરાર થઈ ગયેલા આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

## ખેડા પાસે નેશનલ હાઈવે પર કેમિકલ ભરેલું ટેન્કર ખાડામાં પલટી ગયું




અમદાવાદ-વડોદરા નેશનલ હાઈવે 48 પર દાવડા બ્રિજ પાસે ગત રાત્રિએ એક ટેન્કર 20 ફૂટ ઊંડા ખાડામાં ખાબક્યું હતું. વડોદરાથી અમદાવાદ જઈ રહેલા આ ટેન્કરમાં અંદાજે 30 હજાર લીટર અતિ જવલનશીલ એમએમએ કેમિકલ ભરેલું હતું. આ અકસ્માત બાદ કેમિકલ લીકેજ શરૂ થતા આગ લાગવાની ભીતિ વચ્ચે નડિયાદ ફાયર બ્રિગેડે તાત્કાલિક પાણીનો મારો ચલાવ્યો હતો. આ ઘટના સ્થળે ગ્રામ્ય મામલતદાર, હાઈવે પેટ્રોલિંગ અને પોલીસનો કાફલો તૈનાત કરી વિસ્તારને સુરક્ષિત કરવામાં આવ્યો હતો. વડોદરા રિફાઈનરીની ટેકનિકલ ટીમ દ્વારા ટેન્કરમાંથી વધેલું કેમિકલ બીજા ટેન્કરમાં રિફિલિંગ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. જ્યારે ઘર્ષણથી તણખલા ન ઝરે તે માટે ફાયર વિભાગ દ્વારા સતત પાણીનો છંટકાવ કરીને વિશેષ તકેદારી રાખવામાં આવી રહી છે.

# આણંદના બંધ મકાનમાંથી 26 હજારની મતા ચોરાઈ

**જીટોડિયાની** પંચજન્ય સોસાયટીમાં તસ્કરોનો ત્રાટક

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદ તાલુકાના જીટોડિયા ગામમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. અહીંની પંચજન્ય સોસાયટીમાં આવેલા એક બંધ મકાનને નિશાન બનાવી અજાણ્યા શખ્સો અંદાજે રૂ. 26,300ની કિંમતનો ઘરવખરીનો સામાન ચોરી કરી પલાયન થઈ ગયા છે.

નડીયાદમાં રહેતા ચેતનકુમાર રમણભાઈ ચૌહાણનું મકાન જીટોડિયાની પંચજન્ય સોસાયટીમાં આવેલું છે. ગત તા. 19મી એપ્રિલ,2026 થી 24મી એપ્રિલ, 2026 દરમિયાન તેમનું મકાન બંધ હતું, જેનો લાભ ઉઠાવી તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો.

તસ્કરોએ મકાનના રસોડાની બારીના સળિયા તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ત્યારબાદ ઘરનો પાછળનો દરવાજો ખોલી તમામ સામાન લઈ રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે ચેતનકુમારની ફરિયાદના આધારે આણંદ રૂરલ પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# નડિયાદમાં 60 વર્ષે સરદારની પ્રતિમા કામચલાઉ ખસેડાઈ

**કાંસ રિનોવેશન** માટે વહીવટી તંત્રનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો







નડિયાદમાં કાંસ રીનોવેશનની કામગીરીને પગલે સ્ટેશન રોડ પર આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણ કદની પ્રતિમાને 5 કલાકની જહેમત બાદ ક્રેઈન દ્વારા સુરક્ષિત રીતે નીચે ઉતારવામાં આવી છે. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદની શાન અને ઐતિહાસિક ઓળખ સમાન સ્ટેશન રોડ પર આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણ કદની પ્રતિમાને આશરે 60 વર્ષ બાદ તેના મૂળ સ્થાનેથી કામચલાઉ ધોરણે ખસેડવામાં આવી છે. આ વ્યસ્ત માર્ગ પર હાથ ધરવામાં આવેલા કાંસ રિનોવેશનના પ્રોજેક્ટને પગલે પ્રતિમાની સુરક્ષા કાજે વહીવટી તંત્ર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

નડિયાદના નાગરિકોના લોકફાળા અને સહયોગથી વર્ષ 1966માં સ્થાપિત સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાની બિલકુલ નીચેથી જ કાંસ પસાર થાય છે. હાલમાં કાંસના રિનોવેશન માટે ભારે મશીનરીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે થતા ખોદકામ અને વાઈબ્રેશનથી પ્રતિમાના પાયાને કે પ્રતિમાને નુકસાન પહોંચવાની ભીતિ છે. આથી, એન્જિનિયરોની દેખરેખ હેઠળ અત્યંત આદરપૂર્વક અને સુરક્ષિત ટેકનિકલ પદ્ધતિથી પ્રતિમાને ઉતારીને અન્યત્ર સુરક્ષિત સ્થળે રાખવામાં આવશે.

નડિયાદમાં વહીવટી તંત્ર દ્વારા હાલમાં તાલુકા પંચાયત કચેરીથી ત્રિમૂર્તિ કોમ્પ્લેક્સ સુધીનો માર્ગ પતરા મારીને કોર્ડન કરી દેવાયો છે અને પ્રતિમાની આસપાસની લોખંડની રેલિંગો દૂર કરવાની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. હાલ જૂના કાંસના પાણીને ડાયવર્ટ કરવાની જટિલ પ્રક્રિયા ચાલી રહી છે, જે પૂર્ણ થયા બાદ પ્રતિમાને ઉતારવામાં આવી હતી.

અહીં કાંસનું રિનોવેશન પૂર્ણ થયા બાદ આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિમાં સુધારો કરવામાં આવશે અને ત્યારબાદ સરદાર પટેલની પ્રતિમાને ફરીથી તેના મૂળ અને સન્માનજનક સ્થાને બિરાજમાન કરવામાં આવશે. નોંધનીય છે કે, કામગીરી દરમિયાન કટોકટીના સમયે એમ્બ્યુલન્સ કે ફાયર ફાઈટર જેવા વાહનો નીકળી શકે તે માટે ઈમરજન્સી એક્ઝિટની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે.

# એક કરોડનું મકાન અને 10 લાખ લાવવા પરણીતાને ત્રાસ આપ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદ શહેરમાં રહેતી 32 વર્ષીય પરણીતાને લગ્નના ટૂંકા ગાળામાં જ સાસરિયાઓ દ્વારા દહેજ બાબતે અસહ્ય હેરાનગતિ અને માનસિક-શારીરિક ત્રાસ આપવાની ઘટના સામે આવી છે. સાસરિયાઓએ અગાઉ પિયરમાંથી આશરે સાત લાખ રોકડા અને અન્ય 8.61 લાખ જેટલી રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હોવા છતાં, વધુ 10 લાખની રોકડ અને એક કરોડનું મકાન અપાવવાની માંગણી સાથે અત્યાચાર ગુજાર્યો હતો.

આ અંગે પીડિતાના આક્ષેપ મુજબ, સાસરિયાએ તેના સ્ત્રીધન સમાન ઘરેણાં વેચી દીધા હતા અને તેને ચારિત્ય બાબતે બીભત્સ ગાળો બોલી માનસિક રીતે તોડી પાડવાનો પ્રયાસ કર્યો હતો. ગત 16મી માર્ચ,2025ના રોજ સમાધાનના બહાને બોલાવી પતિ અને અન્ય સભ્યોએ પરણીતા સાથે ઉગ્ર ઝઘડો કર્યો હતો, જેમાં પતિએ તેનું ગળું પકડી મારી નાખવાનો પ્રયાસ કરી ગડદાપાટુનો માર માર્યો હતો.

આ ઘટનામાં વધુ ગંભીર વળાંક ત્યારે આવ્યો જ્યારે પતિએ 28મી મે, 2025 ના રોજ પત્નીને તેની બહેનપણીના ઘરે સમાધાનના બહાને બોલાવી વિશ્વાસઘાત કરી, પત્નીની ઈચ્છા વિરુદ્ધ સંભોગ કર્યો હોવાનો આક્ષેપ પણ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, પતિએ પત્ની જ્યારે નોકરી પર જાય ત્યારે તેને ગાડી નીચે કચડી નાખવાની ધમકી પણ આપી હતી. હાલ આ મામલે નડિયાદ ટાઉન પોલીસે પતિ જયદીપ કુમાર પરમાર, સાસુ, સસરા સહિત કુલ 15 જેટલા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

### નડિયાદ શહેરમાં બિસ્માર રસ્તા અને જળબંબાકારની સ્થિતિ મુદ્દે કોંગ્રેસ લાલઘૂમ

# નડિયાદ મનપાના દોઢ વર્ષ બાદ પણ પ્રાથમિક સુવિધાનો અભાવ

**ઇન્ચાર્જ કમિશનરને** આવેદનપત્ર પાઠવી પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર હોવાનો આક્ષેપ કર્યો



(પ્રતિનિધિ) નડિયાદ તા.12

નડિયાદ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા મહાનગરપાલિકાના ઈન્ચાર્જ કમિશનરને આવેદનપત્ર પાઠવી શહેરના પડતર પ્રશ્નો અંગે આક્રમક રજૂઆત કરવામાં આવી છે. નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યાને આશરે દોઢ વર્ષ જેટલો સમય વીતવા છતાં નાગરિકો બિસ્માર માર્ગો, સ્ટ્રીટ લાઈટની ખામી અને વરસાદી પાણીના ભરાવા જેવી પાયાની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.

નડિયાદ શહેરમાં ખાસ કરીને સંતરામ મંદિર પાછળનો ભાગ, સિવિલ હોસ્પિટલ રોડ અને છાંગેશ્વર મહાદેવથી વિહારના વડ સુધીના માર્ગો પર સામાન્ય વરસાદમાં પણ નદીઓ વહેતી હોય તેવી સ્થિતિ સર્જાય છે, જેના કારણે દર્દીઓ, વૃદ્ધો અને વિદ્યાર્થીઓને પસાર થવામાં ભારે હાલાકી ભોગવવી પડે છે.

આ અંગે કોંગ્રેસે તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર હોવાનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, નવા બનેલા રસ્તાઓ પર યોગ્ય સંકલન વિના વારંવાર ખોદકામ કરવામાં આવતા જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ થાય છે. વોર્ડ નંબર 12 સહિતના વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો વચ્ચે અયોગ્ય અંતર હોવાથી રાત્રિના સમયે અંધારપટ જેવી સ્થિતિ રહે છે, જે નાગરિકોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ખડો કરે છે. શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે અધિકારીઓને એસી ઓફિસ છોડીને વાસ્તવિક પરિસ્થિતિનો ચિતાર મેળવવા મેદાનમાં ઉતરવા ટકોર કરી છે. આવેદનપત્ર આપતી વખતે અનિરુદ્ધસિંહ પરમાર, ગોકુલ શાહ અને એસ.કે. બારોટ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કડાણાના કરવાઈ કંપા ખાતે કાર્યકર્તાનો ઋણ સ્વીકાર અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો



**કડાણા |** કડાણાના કરવાઈ કંપામાં સાંસદ જસવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય ડો. કુબેરભાઈ ડીંડોરની વિશેષ ઉપસ્થિતિમાં ડિટવાસ જિલ્લા પંચાયતના કાર્યકર્તાઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મહાનુભાવોએ પાયાના કાર્યકર્તાઓના સમર્પણ અને સેવાભાવને બિરદાવી, સંગઠનના વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, જે નવી પેઢી માટે પ્રેરણારૂપ બની રહેશે તેવો સૂર વ્યક્ત કરાયો હતો. આ સમારોહમાં જિલ્લા ભાજપ પ્રમુખ સહિત પંચાયતના સભ્યો, સરપંચો અને સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદ હિન્દુ અનાથ આશ્રમના આશ્રિત બાળા વૈભવીએ પ્રભુતામાં પગલાં પાડ્યા



**નડિયાદ |** નડિયાદની 119 વર્ષ જૂની સંસ્થા હિન્દુ અનાથ આશ્રમની આશ્રિત દીકરી વૈભવીના લગ્ન બોટાદ નિવાસી હિતેશભાઈ શાહના સુપુત્ર દર્શ સાથે સંપન્ન થયા હતાં. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ દિનશા પટેલ અને અન્ય મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં નવદંપતીને આશીર્વાદ પાઠવવામાં આવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે આ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં કુલ 566 દીકરીઓના લગ્ન ધામધૂમથી કરાવી તેમને ઠરીઠામ કરવામાં આવી છે. આ સંસ્થામાં ઉછરેલી રાગિણી અને પ્રેક્ષા જેવી અનેક દીકરીઓ આજે વિદેશમાં પણ સ્થાયી થઈને સુખી જીવન જીવી રહી છે.

### નડિયાદમાં 'ઓપરેશન સિંદૂર'ની વર્ષગાંઠની ઉજવણી નિમિત્તે એનસીસી કેડેટ્સમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત જગાવી




**નડિયાદ |** નડિયાદ સ્થિત 28 ગુજરાત બટેલિયન એનસીસી અને જિલ્લા માહિતી કચેરી દ્વારા આયોજિત કાર્યક્રમમાં શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી શૌર્ય ગાથા વાગોળવામાં આવી હતી. લેફ્ટનન્ટ કર્નલ ગિરીશ જોશીએ કેડેટ્સને ભારતીય સેનાના પ્રચંડ પ્રહાર અને 'મેક ઇન ઇન્ડિયા' હેઠળ વધતી સૈન્ય શક્તિ વિશે માહિતગાર કર્યા હતાં. 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતે વિશ્વ સમક્ષ એક શાંતિપ્રિય છતાં શક્તિશાળી અને જવાબદાર રાષ્ટ્ર તરીકેની પોતાની ઓળખ મજબૂત કરી છે.

### ડાકોર બ્રહ્માકુમારીઝ ખાતે માતૃ દિવસ નિમિત્તે આદર્શ માતાઓનું સન્માન કરાયું




**ડાકોર |** ડાકોર સેવા કેન્દ્રમાં 'માતા સુખી પરિવારની આધારશીલા' વિષય પર આયોજિત કાર્યક્રમમાં બ્રહ્માકુમારી અર્પિતાબેને માતાઓને આદર્શ બની શક્તિઓ ઉજાગર કરવા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે રમતગમતમાં રાજ્યકક્ષાએ ગોલ્ડ મેડલ મેળવનાર આગરવા ગામની માતાઓનું અને આમંત્રિત મહેમાનોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી, જેમાં નાની બાળાઓએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું હતું અને ૫૫થી વધુ મહિલાઓએ આ ઉત્સવનો લાભ લીધો હતો. આ કાર્યક્રમ રાસ-ગરબા અને વિવિધ રમતો દ્વારા આનંદમય બન્યો હતો.

### ખેડા જિલ્લામાં ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ નિદાન કેમ્પ યોજાયો



**ખેડા |** ખેડા સીડીએચઓના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સિહુજ અને વાંઠવાડી ખાતે ટીબી મુક્ત ભારતના 100 દિવસીય અભિયાન અંતર્ગત વિશેષ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ 336 દર્દીઓના એક્સ-રે પાડવામાં આવ્યા હતા, જેમાં ખાસ કરીને 60 વર્ષથી વધુ વયના, ડાયાબિટીસ ધરાવતા અને ધૂમ્રપાન કરતા વ્યક્તિઓની સઘન તપાસ કરાઈ હતી. ટીબી નિદાનની સાથે દર્દીઓનું એનસીડી સ્ક્રીનિંગ, એચબી ચેકઅપ અને જરૂરી દવાઓનું વિતરણ કરી યોગ્ય રેફરન્સ પણ આપવામાં આવ્યા હતા. તાલુકા આરોગ્ય સુપરવાઇઝરની ઉપસ્થિતિમાં વાંઠવાડી આરોગ્ય ટીમના કર્મચારીઓએ ખડેપગે હાજર રહીને આ સેવા કેમ્પમાં પોતાની ફરજ બજાવી હતી.

### કપડવંજની સંકલ્પ નર્સિંગ કોલેજ દ્વારા 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની ઉજવણી કરાઈ



**કપડવંજ |** કપડવંજની સંકલ્પ કોલેજ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓએ બ્રહ્માકુમારી સેન્ટર ખાતે આંતરરાષ્ટ્રીય નર્સ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ પ્રસંગે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા આરોગ્ય ક્ષેત્રે નર્સોની નિ:સ્વાર્થ સેવા અને તેમના અમૂલ્ય યોગદાનની વિશેષ પ્રશંસા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી બહેનો દ્વારા વિદ્યાર્થીઓને સકારાત્મક જીવનશૈલી અને માનસિક શાંતિ જાળવવા અંગે પ્રેરક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અંતે, નર્સોની સમર્પિત સેવા બદલ તેમને અભિનંદન પાઠવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### આતરોલીના 500 વર્ષ પ્રાચીન વાસુપૂજ્ય જૈન દેરાસરની સાલગીરી ધામધૂમથી ઉજવાઈ



**કપડવંજ |** કપડવંજ તાલુકાના આતરોલી ગામે 500 વર્ષથી વધુ પ્રાચીન વાસુપૂજ્ય જૈન દેરાસરની સાલગીરીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ મંગલમય પ્રસંગે ભક્તિભાવપૂર્વક 17 ભેદી પૂજા તથા દેરાસરના શિખર પર વિધિવત ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે આતરોલી અને આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં જૈન ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ભક્તોએ પૂજા-અર્ચના કરી પ્રભુ ભક્તિનો રૂડો લ્હાવો લીધો હતો અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.